નવી બાબત વર્ષ ૨૦૨૨-૨૩.

મનો દિવ્યાંગ, સેરેબલ પાલ્સી અને ઓટીઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર પ્રકારની દિવ્યાંગતા ધરાવતા લાભાર્થીઓને માસિક રૂ.૧૦૦૦/- સહાય આપવાની યોજનામાં દિવ્યાંગતાની ટકાવારી ૫૦ ટકા કરવા બાબત.

## ગુજરાત સરકાર

## સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

ઠરાવ ક્રમાંક:-SJED/MSM/e-file/17/2021/0006/CHH-1 Section

સચિવાલય, ગાંધીનગર

તા.૨૧/૦૪/૨૦૨૨.

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૮/૦૭/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક: અપગ/૧૦૨૦૨૦/૩૭૫૭૬/છ.૧

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૪/૧૧/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક: અપગ/૧૦૨૦૨૦/૩૭૫૭૬/છ.૧

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૮/૦૩/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: અપગ/૧૦૨૦૨૦/૩૭૫૭૬/છ.૧

(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૩/૦૬/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: અપગ/૧૦૨૦૨૧/૫૪૫૬૯૦/છ.૧

આમુખ-

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના ઠરાવથી ૮૦% થી વધુ માનસિક દિવ્યાંગતા ધરાવતા લાભાર્થીઓને આવકમર્યાદાના બાધ સિવાય માસિક રૂ.૧૦૦૦/- સહાય આપવા બાબતે કુલ રૂ.૧૦૮૦.૦૦ લાખ ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. આ યોજનામાં વિભાગના ક્રમાંક (૨) પરના ઠરાવથી જરૂરી સ્પષ્ટતા તેમજ શરતો ઠરાવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના ઠરાવથી આ યોજનાનું નામ "બૌધ્ધિક અસમર્થતા ધરાવતી (મનો દિવ્યાંગ) વ્યક્તિઓને આર્થિક સહાય" (" Financial Assistance to Persons with Intellectual Disability (Mental Subnormality)" એમ નક્કી કરવામાં આવેલ છે.

— 2 —

વંચાણે લીધેલ ક્રમાંક (૪) પરના વિભાગના તા.૦૩/૦૬/૨૦૨૧ના ઠરાવથી બૌધ્ધિક અસમર્થતા ધરાવતી (મનો દિવ્યાંગ) વ્યક્તિઓને આર્થિક સહાય યોજનામાં દિવ્યાંગતાની ટકાવારી ૮૦ ટકાથી ઘટાડીને ૭૫ ટકા કરવા તેમજ નેશનલ ટ્રસ્ટ એક્ટ હેઠળની સેરેબલ પાલ્સી અને ઓટીઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર (ચેતાતંત્ર ન્યુરોની વિકાસલક્ષી સ્થિતિમાં ક્ષતિ) પ્રકારની દિવ્યાંગતા ઉમેરી, ઉક્ત ત્રણેય પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓને માસિક રૂ.૧૦૦૦/- સહાય આપવા બાબતે મંજૂરી આપેલ છે. આ યોજનામાં મનો દિવ્યાંગ, સેરેબલ પાલ્સી અને ઓટીઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર પ્રકારની દિવ્યાંગતા ધરાવતા લાભાર્થીઓમાં દિવ્યાંગતાની ટકાવારી ૭૫ ટકાથી ઘટાડીને ૫૦ ટકા કરવા બાબતની કુલ રૂ.૧૪૪૦/- લાખની નવી બાબતને વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં સૈધ્ધાંતિક મંજૂરી મળેલ છે, જેને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે બૌધ્ધિક અસમર્થતા (મનો દિવ્યાંગતા), સેરેબલ પાલ્સી અને ઓટીઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર પ્રકારની દિવ્યાંગતા ધરાવતા લાભાર્થીઓની દિવ્યાંગતાની ટકાવારી ૭૫ ટકાથી ઘટાડીને ૫૦ ટકા કરવામાં આવે છે. જે મુજબ હવેથી આવી ત્રણેય પ્રકારની ૫૦ ટકા દિવ્યાંગતા ધરાવતા લાભાર્થીઓને માસિક રૂ.૧૦૦૦/- સહાય આપવા માટે વર્ષ ૨૦૨૨-૨૩ની કુલ રૂ.૧૪૪૦/- લાખની નવી બાબતને નીચેની શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:**

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ની નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને અધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

(૭) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશ મેળવી લેવાના રહેશે.

(૯) આ યોજનાને C.M. Dash Board સાથે Link કરવી.

(૧૦) સોશિયો ઇકોનોમિક ઇમ્પેક્ટ ઇવેલ્યુઅશન/એસેસમેન્ટ કરવાનું રહેશે.

(૧૧) યોજનામાં લાભાર્થીને આપવામાં આવતા લાભ માટે DBT પધ્ધતિ અનુસરવાની રહેશે.

(૧૨) સદર વહીવટી મંજૂરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.

(૧૩) યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૧૪) આ યોજનાનો અમલ તા.૦૧/૦૪/૨૦૨૨થી કરવાનો રહેશે.

(૧૫) પારદર્શક પ્રક્રિયા અનુસરીને જ લાભાર્થીઓની પસંદગી કરવાની રહેશે.

(૧૬) ઓનલાઈન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

(૧૭) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૮) આ અંગેનો ખર્ચ બજેટ હેડ માં.ક્ર.૯૨, મુ.સ.૨૨૩૫-૦૨-૧૦૧-૦૧-એસએસડબ્લ્યુ-૦૫ હેઠળ રૂ.૧૧૭૬.૦૦ લાખ, માં.ક્ર. ૯૫, મુ.સ.૨૨૩૫-૦૨-૧૦૧-૦૧-એસએસડબ્લ્યુ-૦૫ હેઠળ રૂ.૧૨૦.૦૦

— ૪ —

લાખ તથા માં.ક્ર. ૯૬, મુ.સ.૨૨૩૫-૦૨-૭૯૬-૦૫-એસએસડબ્લ્યુ-૦૫ હેઠળ રૂ.૧૪૪.૦૦ લાખ એમ કુલ મળી કુલ રૂ.૧૪૪૦.૦૦ લાખ પાડવાનો રહેશે.

આ મંજૂરી આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૮/૦૪/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જી. પી. પટેલ )
નાયબ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી(સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરી, વિંગ ડી-૧, બ્લોક નં.૨, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમની કચેરી, ૬ઠ્ઠો માળ, બ્લોક નં.૧, એ-૧ વિંગ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ(નિયામકશ્રી સમાજ સુરક્ષા મારફત).
- છ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- શાખા સિલેક્ટ ફાઇલ.